Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आत्मार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

શ્રાવણ


પુસ્તક ૭૭ મું
અંક ૧૦
૧૫ મી ઓગસ્ટ

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૧


☆ ☆

मणपल्हायजणणी,
कामरागविवड्ढणी ।
बंभचेररओ भिक्खू,
थीकहं तु विवज्जए ॥ ७ ॥

બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુએ સ્ત્રીઓને લગતી એવી વાતચિતોનો તો ત્યાગ જ કરી દેવો જોઇએ કે જે ચિત્તમાં ગલગલિયાં કરાવનારી તથા વિષયોના આનંદને જગાડનારી હોય અને કામરાગને વધારનારી હોય.

समं च संथवं थीहिं,
संकहं च अभिक्खणं ।
बंभचेररओ भिक्खू,
निच्चसो परिवज्जए ॥ ८ ॥

બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુ સ્ત્રીઓની સાથેના પરિચયને અને તેમની સાથેના વારંવાર વાતચિત કરવાના પ્રસંગને રોજને રોજ ટાળ્યા જ કરે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૭ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સામાન્ય જિન સ્તવન | (શ્રી રૂચકવિજયજી) | ૧૧૩ |
| ૨ | પર્વ પર્યૂષણ મંગલકાર | (દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી–ઉમણીવદર) | ૧૧૪ |
| ૩ | શ્રી વર્દ્ધમાન મહાવીર : રૂપ | (સ્વ૦ મૌક્તિક) | ૧૧૫ |
| ૪ | રૂપ અને સ્વરૂપ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૧૮ |
| ૫ | युग प्रधानाचार्य गुर्वावली में भीमपल्ली के महत्त्वपूर्ण उल्लेख | (અગરચંદ નાહટા) | ૧૨૧ |
| ૬ | જૈન સાહિત્યમાં ભગવદ્ ગીતા | (પ્રો. હીરાલાલ ર. કાપડીયા M. A.) | ૧૨૪ |
| ૭ | आत्मा का स्वभाव | (રાજમલ ભંડારી–આગર) | ૧૨૮ |
| ૮ | सहयोग | ( ,, ,, ) | ટા. પે. ૩ |


## એંશીમી વર્ષગાંઠ

આપણી સભાની એંશીમી વર્ષગાંઠ શ્રાવણ શુદિ ત્રીજ ને સોમવારના રોજ શીહોર મુકામે ઉજવવામાં આવી હતી. સ્ટેશન પાસેની ધર્મશાળામાં બપોરના ચા–પાણી પીધા બાદ બારવ્રતની પૂજા રાગ–રાગિણી અને સંગીતના સાજ સાથે ભારે ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓ સારી સંખ્યામાં પધાર્યા હતા, તે સર્વ સભાસદ બંધુઓનું તેમજ આમંત્રિત સદ્‌ગૃહસ્થોનું સાંજના દુધપાક–પુરીનું પ્રીતિભોજન યોજવામાં આવ્યું હતું. સભાસદ બંધુઓએ વિશાળ પ્રમાણમાં હાજરી આપી પ્રભુ ભક્તિના કાર્યમાં ઉમંગભેર ભાગ લઈ સભા પ્રત્યેની પ્રીતિ પ્રદર્શિત કરી હતી. રાત્રિની ટ્રેનમાં સભાસદ બંધુઓ ભાવનગર પાછા આવ્યા હતા.


પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

## અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પણ આપવામાં આવેલ છે.

**મૂલ્ય માત્ર ત્રણ આના**

વિશેષ નકલો મંગાવનારે પત્રવ્યવહાર કરવો–લખોઃ–**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૭ મું | શ્રાવણ | વીર સં. ૨૪૮૭
અંક ૧૦ | | વિક્રમ સં. ૨૦૧૭

## શ્રી સામાન્ય જિન સ્તવન

(જાદુગર સૈયા છોડો મોરી બૈયા—એ રાગ)

મતલબી લોકો છોડો મેરે દિલકો,
હો ગઇ બડી દેર, પ્રભુ ઘર જાને દો.
જાને દો ઓ રૂકનેવાલે હમ નહિ રૂકે, મંદિર પ્રભુકા બડા દૂર હય;
વાત તુમ્હારી ન માન શકુ, પ્રભુ પ્યાર મેરા મજબૂત હય;
આદેશ હુઆ અંતર આજ, પ્રભુ ઘર જાને દો. (૧)

પ્રભુ ઘર જાકે નૈનો દેખેંગે સારે,
પ્રભુ મુખ દરશન હોગા આતમ કલ્યાણકા,
ફિર ક્યું રોક રહે હો મતલબી,
જાને તુમ ન કભી કામકા;
મતલબકે હે તુમ સાથ, પ્રભુ ઘર જાને દો. (૨)

—શ્રી રૂચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પર્વ પર્યૂષણ મંગલકાર

પુણ્ય ભક્તિનો ઉદય થયો ને, જનમન સૌએ રંજનકાર,
લેવા લ્હાવો પુણ્ય તણો ને, પાપકર્મો દૂરે કરનાર;
સર્વજનોના હૃદયે વ્યાપે, જેના આગમન તણા રણકાર,
મહાપુણ્યોદયે આજે **આવ્યા, પર્વ પર્યૂષણ મંગલકાર.** ૧

અજ્ઞાન તિમિરે બહુએ ભટકયો, લાધ્યો ન કયાંયે પ્રકાશ,
ઘનતિમિરથી મુક્ત થવાને; જ્યારે હૃદયે નો'તી આશ;
જ્યોત પ્રકટી જ્ઞાન તણી આ, નાસ્યા યુગોના અંધકાર,
મુક્તિ પંથના પુનિત રાહે, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૨

ઘૂઘવે સાગર, ઘુજવે જળચળ, તો યે રહેવું ઉન્નત શીર,
ડગમગ ડોલે નૈયા તો પણ, નિરાશ થાવું ના લગીર;
શ્રદ્ધા ને સમતાના સુકાને, આપણે જાવું પેલે પાર,
ધ્રુવબિંદુ સમ પથદર્શક આ, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૩

તપસાધના ને જિનારાધના, એકાગ્રતામાં રહેતું ચિત્ત,
દાન શિયળ તપ ભાવ સંગાથે, હાથ વેંતમાં હવે જીત;
સંયમ સાધી બની વિરાગી, દુષ્કર્મોને દે પડકાર,
મોક્ષ સુભટના સાચા સાથી, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૪

કલ્પસૂત્રની વાણી સુણતા, જિનેશ્વરનું ધરતા ધ્યાન,
પવિત્ર ભાવો હૃદય ઉલ્લસે, સદા સુણતા ગુરુ વ્યાખ્યાન;
સમતારસમાં નિમગ્ન બનતા, જ્યારે વરસે અમૃતધાર,
સર્વ પર્વોમાં શિરોમણી, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૫

આતમ પ્રદેશે વિહગ વિહરતા, કરતા કેવા કિલકિલાટ,
અંગેઅંગે ચૈતન્ય વ્યાપે, પ્રસરી રહેતો તરવરાટ;
અહિતકારી કાર્ય નહિ ને, જીવદયાનો જયજયકાર,
માનવમાત્રને મુક્તિ માટે, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૬

રિપુ નહિ હું કો' તણો ને, મારે પણ નહિ રાગ વિકાર,
મન વચ કાયા એ ત્રિયોગે, થયા હોયે જો કદીએ પાપ;
ખમું ખમાવું ત્રિવિધથી હું "ઉપશમ" એ છે સાચો સાર,
જીવનપંથના મંગલ માર્ગે, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૭

વહેતી સરિતા, જળ નિર્મળ છે, સૌને તેનો લેવો લાભ,
કો' ખોબો લે કો' ગાગર લે, જેવો જેનો આત્મ વિશ્વાસ;
મુક્તિ લહે એવા વીરલા જે, છે જ્યાં ક્ષમા તણો ધબકાર,
ક્ષમા અહિંસાના પડઘમથી, **આવ્યા પજૂસણ મંગલકાર.** ૮

**—દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી–ઊમણીયાવદર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૫

રાજસત્તા કે કોઇ પણ પ્રકારની સત્તા જીરવવી ઘણી મુશ્કેલ છે. રાજાનો હુકમ ન માનવાને અંગે શય્યાપાલકે ગુન્હો તો જરૂર કર્યો હતો. આવા પ્રમાણમાં નજીવા ગુન્હા બદલ લગભગ દેહાંતદંડની સજા કરવામાં રાજા ત્રિપૃષ્ઠને જરા પણ સંકોચ ન થયો. કાનમાં ગરમ શીશું રેડવું એ શી ચીજ છે, એ નાંખવામાં આવે ત્યારે પ્રાણીને કેવી વેદના થાય અને એ વેદનાથી અંતે મરણ જ થાય એ વાતનો રાજ્યમદમાં ત્રિપૃષ્ઠે વિચાર ન કર્યો. એની રાજસત્તાના જુસ્સા સામે કોઇથી બોલી શકાય તેમ નહોતું, કોઈ એને વારી શકે તેમ નહોતું, આવા સાધારણ ગુન્હાના બદલામાં આવી આકરી સજા અયોગ્ય અઘટિત કે અનુચિત હતી એવું તેને કોઈ કહી શકે તેમ પણ નહોતું, કારણ કે એ ચંડશાસન હતો અને પ્રચંડ વ્યક્તિત્વને અંગે જ સામાન્ય રજવાડામાંથી ઉચ્ચ સ્થાને ગયો હતો. પણ સ્થાન ગમે તેવું હોય તો પણ કર્મનો દોર તો અનિવાર્ય છે, જીવનના પ્રત્યેક બનાવના જવાબ ભરપટ્ટે આપવા જ પડે છે અને જાણતાં અજાણતાં કરેલ કાર્યનો બદલો ભોગવવો જ પડે છે. રાજા ત્રિપૃષ્ઠને કરેલી આ ભયંકર સજાનો બદલો કેવો આપવો પડે છે તે આગળ જોવાશે.* અવિચારી સજા કરવાના બદલામાં રાજાએ તીવ્ર અશાતાવેદનીયકર્મ બાંધ્યું.

## ત્રિપૃષ્ઠનું જીવન અને અવસાન :

ત્રિપૃષ્ઠ મહારાજા વાસુદેવના ચરિત્રનો ઉપસંહાર કરતાં એને માટે ભારે વિચારણા થાય એવું અને કોઈ કોઈ પ્રસંગે એને માટે ખેદ થાય એવું એનું આખું ચરિત્ર છે. એણે ૮૪ લાખ વર્ષનું કુલ આયુષ્ય ભોગવ્યું ગણાય છે, તેમાં કુમારાવસ્થામાં પચીશ હજાર વર્ષ પસાર થયા, પોતાના પિતાના માંડલિક રાજ્યમાં સામાન્ય રજવાડામાં પચીશ હજાર વર્ષ ગયા, અશ્વગ્રીવ પર વિજય મેળવી દિગ્વિજયમાં એક હજાર વર્ષ ગાળ્યા અને રાજ્યવૈભવ ભોગવવામાં ૮૩૪૯૦૦૦ વર્ષ પસાર કર્યા. આ રીતે એનું ૮૪૦૦૦૦૦ (ચોરાશી લાખ) વર્ષનું આયુષ્ય ગણવામાં આવ્યું છે. વાસુદેવ થવા સુધીમાં તે વિષયસુખમાં ખૂબ આસક્ત હતો. રાજ્યઋદ્ધિ અને ઉચ્ચ સ્થાન સાંપડ્યા પછી અતિ ગર્વિષ્ટ અને કોઇનું ગણકારે કે સાંભળે નહિ એવો પ્રચંડ શાસન બની ગયો. એને આખા જીવનમાં મહા આરંભ અને મહા પરિગ્રહની મૂર્છા વધતી જ ચાલી અને વૃદ્ધ વયે એ મૂર્છા વધતી રહી. આખા જીવનમાં માત્ર એને તીર્થંકરદેવશ્રી શ્રેયાંસનાથ ભગવાનનો પ્રસંગ થયો ત્યારે થોડો વખત ધર્મ યાદ આવ્યો, ધર્મ તરફ સુરુચિ થઈ અને તેની અસર થોડા વખત સુધી ચાલી; પણ ત્યાર બાદ એ તો અસલ સ્થિતિએ આવી ગયો અને આખા જીવનમાં દોડધામ, આજ્ઞાપાલન અને ભયંકર ક્રૂરતા બતાવી એણે પોતાનો આખો વિકાસપંથ ડોળી નાખ્યો. વચ્ચેના વખતમાં એનું જીવન શાંત અભ્યાસી અને માર્ગપરાયણ હતું તે વિશ્વભૂતિના ભવમાં સ્થિર થવા માંડ્યું હતું, તે ત્રિપૃષ્ઠના ભવમાં એકદમ તળિયે બેસી ગયું, સાત્વિક અને રાજસી પ્રકૃતિનું સ્થાન એકદમ તામસી પ્રકૃતિએ લીધું અને આખા જીવનમાં ક્રૂરતા, ભયંકરતા અને પ્રચંડતાને પરિણામે એણે ભયંકર નરકાયુ બાંધ્યું અને લાંબા જીવનને અંતે કોઈ પણ પ્રકારના પશ્ચાત્તાપ વગર મરણ પામીને એ સાતમી નરકે ગયો.

એના સંબંધમાં આચાર્યવર્યશ્રી હેમચંદ્રાચાર્ય લખે છે કે "નિત્ય વિષયમાં આસક્ત, રાજમૂર્છામાં

---

* મહાવીરના ભવમાં ગોવાળીઆનો છેલ્લો ઉપદ્રવ કાનમાં શલ્યનો બારમે વર્ષે થયો. એ શલ્યો બહાર નીકળતી વખત અસાધારણ ધૈર્યવાળા પ્રભુથી રાડ પડાઇ ગઇ. આને માટે જુઓ મહાવીર ચરિત્ર દીક્ષા–ઉપસર્ગ વિભાગ–બારમું વર્ષ છેલ્લો ઉપસર્ગ.



For Private And Personal Use Only

પરાયણ, ભુજબળના ગર્વથી જગતને તૃણ સમાન ગણનાર, પ્રાણાતિપાત(જીવહિંસા)માં નિઃશંક, મહા આરંભ અને મહાપરિગ્રહવાળો અને ક્રૂર અધ્યવસાયથી સમકિતરૂપ આભૂષણને નાશ પમાડનાર ત્રિપૃષ્ઠ વાસુદેવ નારકીનું આયુષ્ય બાંધી મોટું ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય પૂરું કરી સાતમી નરક ભૂમિમાં ગયો."* અહીં ત્રિપૃષ્ઠને માટે વાપરેલ પ્રત્યેક વિશેષણ ખૂબ વિચારવા યોગ્ય છે. સંસારગૃદ્ધિ, વિષયવાસના, પરિગ્રહની મૂર્છા અને વિષયની આસક્તિ સંસારને વધારવાના મૂળ કારણો છે તે સર્વ ત્રિપૃષ્ઠને સાંપડ્યા, અને તેના પર વિજય મેળવવાને બદલે એ એમાં લદબદ થઈ ગયો, એમાં ઊંડો ઉતરી ગયો અને સંસારને રસ્તે ચઢી ગયો. આવી રીતે વિષય કષાય અને આરંભ પરિગ્રહને અંગે થતાં રાગદ્વેષો કેવાં માઠાં પરિણામો નીપજાવે છે તેનો ખ્યાલ કરવાનો છે. વિકાસને માર્ગે ચડેલો જીવ પણ વિપરીત સંયોગોમાં પડી જતાં કેવો સંસારને આધીન થઇ જાય છે, કેવો નીચો ઉતરી જાય છે અને કેવી યાતના ભોગવવાને યોગ્ય થાય છે તે પર ખૂબ વિચારણા કરવાની જરૂર છે. ત્રિપૃષ્ઠના ભવમાં દુનિયાનું એણે પોતાની તરફ ધ્યાન ખેંચ્યું, પણ પોતે સંસારમાં ખેંચાઈ અટવાઈ ગયો એ વાતનું અભિમાનને અંગે એનું લક્ષ્ય ગયું નહિ એ વાત પણ પ્રત્યેક પ્રાણીએ લક્ષ્યમાં રાખવાની છે. આ સંસારરસના પરિણામો આપણે તુરતમાં વિચારશું, હોંસેથી બાંધેલાં કર્મો ભોગવતી વખત કેવી દારુણ સ્થિતિ કરી નાંખે છે તે પર ધ્યાન આપશું અને સંસાર પરિભ્રમણનો કોયડો જરૂર ઉકેલવા જેવો છે તે પર ધ્યાન આપશું.

ત્રિપૃષ્ઠના ભવમાં એણે ઘણાં વૈર વસાવ્યાં, એના બદલાઓ એને આગળ આપવા પડશે ત્યારે વિમાસણ પડશે. સિંહલેશ્વરની પુત્રી વિજયવતી, પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ, તુંગગિરિ પર મારેલ સિંહ વગેરેના સંબંધ પરિણામો નોંધાયલાં છે, એ સિવાય પણ ત્રિપૃષ્ઠે અનેક વેર વસાવ્યા અને એની અસર એને કે સુધી પહોંચી છે તે આપણે આગળ જોશું. ત્રિપૃષ્ઠ મોટું આયુષ્ય ભોગવી સાતમી નરકે ગયા.

## અચળ બળદેવની ઉત્તરાવસ્થામાં સાધના :

ત્રિપૃષ્ઠના ચરિત્રને આગળ વિચારીએ તે પહેલાં અચળભાઈનું ચરિત્ર વિચારી લઈએ. એ તદ્દન જુદા પ્રકારની વાનગી જ હતી. એણે નાનાભાઇ ત્રિપૃષ્ઠ સાથે આખું જીવન પસાર કર્યું અને ભાઈની તકતેવડ જાળવવામાં અને તેના નાનાં મોટાં સર્વ કાર્યો કરવામાં પોતે ખૂબ રસ લીધો, પણ એ જાતે અલિપ્ત હતો. એને આખો વખત ત્રિપૃષ્ઠની જ વિચારણા રહેતી. ભાઈ ત્રિપૃષ્ઠને સર્વ બાબતનું માન કેમ મળે, એની રાજસત્તા કેમ કાયમ થાય, એના શત્રુઓ કેવી રીતે પાછા પડે અને એનો રાજવહીવટ કેમ અસરકારક થાય એ એની ચિંતવનાના વિષયો હતા. એણે કોઇ દિવસ પોતાનાં સુખ સગવડનો ખ્યાલ કર્યો નહોતો, પોતાના ખાવાપીવા, પહેરવા-ઓઢવાની બાબતોની ચિંતા કે દરકાર કરી નહોતી અને પોતાનું નામ બહાર આવે એવો એને વિચાર સરખો પણ આવતો નહોતો. પોતાના ભાઇની બાબતમાં જ એને સ્વપ્નાં આવતાં હતાં અને રાત દિવસ એ ભાઈ માટે જ જીવન જીવી રહ્યો હતો.

ઘણી વખત આશ્ચર્ય થાય તેવું તેણે વર્તન કર્યું. પોતે મોટો ભાઈ છે એવો એણે કદી ખ્યાલ જ કર્યો નહિ. એને મન ત્રિપૃષ્ઠ એ પ્યારો પ્રાણ હતો, એને મન ત્રિપૃષ્ઠ એ જીવન સર્વસ્વ હતું, એને મન ત્રિપૃષ્ઠ એટલે આદર્શ ભાવના વિચારણા વિષય જે કહીએ તે હતું. અને એણે પોતાના આખા ભવમાં ભાઇની જ વિચારણા આસેવના અને પર્યુપાસના કરી. એ પોતે અલિપ્ત હતો, પણ બંધુ સ્નેહ એને સંસારમાં ખેંચી રહ્યો હતો. એણે પોતાનો ખાવાનો કે ઊંઘવાનો વિચાર પણ ન કર્યો, પણ ભાઈ ખાતર ભૂખ તરસ અને ઉજાગરા કર્યા અને ભાઈની નામના કઇ રીતે વધે તે માટે એણે સદૈવ ચિંતા કરી. લડાઇ કરે તો ભાઈની જીત માટે, રાજાઓને નમાવે તો ભાઈની સત્તા માટે અને કોઇને નોકરી કે અમલદારીમાં રાખે તો તેથી ભાઈનાં સુખ સગવડ

* શ્રી ત્રિ. શ. પુ. ચરિત્ર પર્વ ૪. સર્ગ ૧. પૃ. ૧૩૨ (ભાષાંતર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે સત્તા કેટલા જામશે એ જ એનું દષ્ટિબિન્દુ હોય. એણે આખા જીવનમાં પોતાને માટે સત્તાનો કે આગરૂ પ્રતિષ્ઠાનો ખ્યાલ જ ન કર્યો.

ભાઈના અવસાનથી એ તો ભારે મુંઝવણમાં પડી ગયો. એનાં તો જાણે બારે બૂડી ગયાં, એને આ દુનિયા સર્વ શૂન્ય થઈ ગઈ, એને આ દુનિયામાં સારભુત કે જીવવા જેવું કાંઇ રહ્યું નહિ. એણે ભારે શોક કર્યો, ભાઇનો વિરહ અસહ્ય થઇ પડશે અને જીવવું આકરૂં બાણ થઈ પડશે એમ તેને લાગ્યું. સગાં સંબંધીએ જેમ તેમ સમજાવી તેનો શોક મૂકાવવા પ્રયત્ન કર્યો, પણ એ તો વધારે વધારે શોકમાં પડતો ચાલ્યો. એ તો ભાઇના દેહને શબને છોડે જ નહિ, જાણે ભાઇ રિસાઈ ગયેલ છે એમ માની એ શબની પાસેથી ઊઠે જ નહિ અને મોટેથી રડી રડી અને વચ્ચે વચ્ચે ગાંડા ગદોડી ભાઇને મનાવવાના શબ્દો બોલવા લાગ્યો. એને એમ જ લાગ્યું કે ભાઈ ત્રિપૃષ્ટને કોઈ બાબતમાં ખોટું લાગી ગયું છે અને તેથી એ રૂસણું લઇ પોતાની સાથે બોલતો નથી. માણસને જ્યારે પાકો સ્નેહ લાગે છે ત્યારે એ રાગને વશ થઈ સર્વ બીજી બાબતોને દૂર કરી નાખે છે અને વિવેક વીસરી જઇ અનેક જાતનાં ઘેલાં કાઢે છે.

અંતે લોકોએ અને રાજપુરૂષોએ એને સમજાવ્યો કે ભાઇ તો હવે અવસાન પામેલ છે ત્યારે વળી એનું રુદન વધારે આકરૂં થઈ પડ્યું. પોતાનો ભાઈ પોતાને મૂકી ચાલ્યો જાય એ વાત એને ન બને તેવી અને તદ્દન અશક્ય લાગી. પછી એણે મુક્તકંઠે રડવા માંડ્યું. લોકોએ પણ એને રડાવવા પ્રયત્ન કર્યો. જ્યારે પ્રાણીને આકરો ઘા લાગી જાય છે ત્યારે એ શોક કરીને રડી નાખે તો અંદરનો ખેદ પીગળી જાય છે. પછી એ ખૂબ રડ્યો, અનેક વચનો ઉદ્ગારરૂપે બોલ્યો અને એક બે વાર મૂર્છા ખાઇને જમીન પર પડી ગયો. આખરે ત્રિપૃષ્ટનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. મહારાજાને યોગ્ય માન આપી તેની અંત્યેષ્ટી ક્રિયા કરવામાં આવી. અચળના દિલમાં આ બનાવથી મોટો આઘાત લાગી ગયો. એના જીવનનો આખો પ્રાસાદ તૂટી ગયો, એના પગ નીચેથી જમીન સરકી જતી હોય એમ એને લાગ્યું અને જીવવામાં હવે કાંઇ અર્થ નથી એમ તેને લાગ્યું.

પણ દુઃખનું ઓસડ દહાડા છે. ધીમે ધીમે એનામાં આત્મવિચારણા જાગી, એને ભગવાન શ્રી શ્રેયાંસનાથ દેવનાં ઉપદેશામૃત યાદ આવ્યાં, એને સ્નેહ અને સગપણની મર્યાદા ખ્યાલમાં આવી, અંતે આ દુનિયામાં કોઈ કોઇનું નથી, સગપણ-સ્નેહ કે સંબંધ સર્વને મર્યાદા હોય છે અને માળા પર બેઠેલા પંખીઓ સવાર પડતાં કોઇ ઉત્તરમાં તો કોઇ દક્ષિણમાં ચાલ્યા જાય છે અને ચાલ્યા જવાના છે, એમાં ભાઇ કોણ! અને સ્નેહ કોનો? પૌદ્ગલિક સાંસારિક સંબંધ અંતે અમુક વખત જ ચાલે છે, એનો છેડો આવે ત્યારે સૌ પોતપોતાને માર્ગે ચાલતી પકડે છે અને ફરી મળે તો એક બીજાને પૂર્વ રૂપે ઓળખતા પણ નથી.

એને રાજ્ય સંભાળવા વિજ્ઞપ્તિ થઇ, એણે ચોખી ના પાડી. આવી વિચારણા ચાલતી હતી ત્યાં **ધર્મઘોષ** નામના પૂજ્ય આચાર્યપ્રવર ત્યાં પધાર્યા, તેમણે સંસારની અસારતા, સ્નેહ સંબંધની અનિત્યતા અને જીવનની અસ્થિરતા પર ખૂબ વિવેચન કર્યું. અત્યારે અચળમાં દુઃખ વિયોગ ખેદ પરાકાષ્ટાએ પહોંચી ગયાં હતાં તેને જ્ઞાનનો માર્ગ આપવામાં આવ્યો અને આખો ઝોક ફરી જતાં એણે બંધુઓનો આગ્રહ છતાં સંસારનો ત્યાગ કરી દીધો અને ત્યાગ કર્યા પછી જાણે પોતે જન્મકાળથી જ ત્યાગી હોય એવો ભાવ એણે ભજવ્યો અને એને ચારિત્ર એટલું ભળી ગયું અને એની એમાં જમાવટ પણ એવી થઈ ગઈ કે એ જન્મથી જ ત્યાગી હોય એવું એને જોતાં અને એનું ચારિત્રપાલન અવલોકતાં લાગ્યા વગર રહે નહિ. એની પુદ્ગલવાસના દૂર થતી ચાલી, એને વિષય કષાય પર કાબૂ આવતો ગયો અને એને સંસારીના રાગમાં વિચિત્રતા દેખાણી, તેમના કાર્યોમાં અંધતા જણાણી અને તેમની દોડાદોડમાં નિરર્થકતા ભાસી. એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રૂપ અને સ્વરૂપ

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આપણા શરીર સાથે ઇન્દ્રિઓ જોડાએલી છે. અને તેમને લીધે જ આપણે જુદા જુદા પ્રકારના બધા જ કામો કરતા રહીએ છીએ. આપણી આંખ દ્વારા આપણે જુદા જુદા દેખાવો કે રૂપો નિહાળીએ છીએ. અને તે વિવિધ રૂપો જોઇ આપણે હર્ષ કે વિષાદ અનુભવીએ છીએ.

દરેક વસ્તુને બે અંગો હોય છે. એક બાહ્યાંગ અને બીજું અંતરંગ. બાહ્યાંગ એ ફક્ત રૂપ બતાવે છે. અને અનેક રીતે માણસને વિલોભિત કરે છે. પણ જેનું રૂપ મનોહર આનંદ આપનારૂં હોય છે, તે જ વસ્તુનું અંતરંગ કદાચિત્ અત્યંત હાનિકારક અને દુઃખ ઉપજાવનારૂં હોય! સાપ દેખાવમાં ઘણો સુંદર, સુંવાળો, ચળકાટવાળો, ચપળ અને આકર્ષક હોય છે. એમ લાગે છે કે એને આપણા ખોળામાં લઇ ઘડીભર રમાડીએ. એની ફેણાને જરા પસવારીએ. એનો સ્પર્શ કેવો સુખરૂપ લાગે! પણ આપણે તેમ કરીએ છીએ કે? એનું આવું મનોહારી રૂપ છતાં એને વિલોભનીય લાગવા છતાં આપણે એને નજીક આવવા દેતા નથી. દૂરથી આપણે એને છોડીએ છીએ. અકસ્માત્ એ પાસે આવી જાય તો આપણે ગભરાઈ જઇએ છીએ. રખેને એ આપણા અંગને અડી ન જાય, એવા ઉપાયો યોજીએ છીએ. આમ કરવાનું કોઈ કારણ હોય તો તે એ છે કે, એનું અંતરંગ સ્વરૂપ કેવું ભયાનક હોય છે, એ બીજા આપણા કરતાં વધુ અનુભવી માણસો પાસેથી આપણે જાણી ગયા હોઇએ છીએ. એ ઉપરથી જોઈ શકાય છે કે, વસ્તુનું રૂપ એક જાતનું હોય છે પણ સ્વરૂપ કાંઇક જુદું જ હોય છે.

કેટલાએક માનવો એવા હોય છે કે, હમેશ મીઠી મીઠી વાતો કરતા હોય છે ત્યારે તેઓ મોટા ઉદાર અને પ્રમાણીક સજ્જન લાગે! એમનો દેખાવ પણ ઘણો મનોહારી લાગે છે. પણ વાસ્તવિક રીતે તેઓમાં એક શેતાન છુપાએલો હોય છે. એટલે જ અમો કહીએ છીએ કે, કોઇપણ વસ્તુના બાહ્ય રૂપ ઉપર મોહી પડવું નહીં જોઇએ. તેનું સાચું સ્વરૂપ તપાસતા રહેવું જોઇએ એમ ન કરીએ તો આપણે સ્હેજમાં ફસાઈ પડીએ એવો સંભવ હોય છે. જગતમાં એવા અનુભવો હમેશ આવ્યા જ કરે છે.

વ્યસનો જે માણસને વળગે છે તે શી રીતે વળગે છે એનો આપણે જરા ઝીણવટથી વિચાર કરીએ ત્યારે, એમ સ્પષ્ટ જણાશે કે, વ્યસન એ કાંઈ જીવતી વસ્તુ નથી કે ઉડીને આપણને એ વળગી પડે. એની પાસે તો એનું ગોઝારૂ રૂપ જ હોય છે, એનો દેખાવ મનમોહક હોય છે અને માણસ જેવા સમર્થ પ્રાણીને એ પોતાના રૂપના

---

આદર્શ ત્યાગને પરિણામે એણે ખૂબ પ્રગતિ કરી. એનામાં જેવો ત્યાગ હતો તેવી આંતર વિચારણા હતી, જેટલી જ્ઞાનગર્ભિતા હતા તેટલી જ ક્રિયા પાત્રતા હતી અને જેટલો નિર્વેદ હતો તેટલો જ ઉપશમ હતો. એમણે ગુરુ પાસેથી ખૂબ જ્ઞાન મેળવ્યું અને અંતે સંલેષણાં કરી એ જ ભવમાં મુક્તિ મેળવી, સંસારનાં સર્વ બંધનો ઉપર વિજય મેળવ્યો અને પોતે કૃતકૃત્ય થઈ અનેકને દૃષ્ટાંત લાયક થઈ તાર્યા. દીક્ષા લીધા પછી એણે કદી રાજ્યવૈભવ સંભાર્યા નહિ, ત્રિપૃષ્ઠના સ્નેહને યાદ કર્યો નહિ અને પોતે રાજપુત્ર છે એ વાત પર મદાર બાંધ્યો નહિ. એમનો કુલ આયુષ્યકાળ ૮૫ લાખ વર્ષનો બતાવવામાં આવ્યો છે.

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળ ઉપર પોતા તરફ ખેંચી જાય છે. માણસ પોતાની શક્તિ અને દરજ્જાને ભૂલી એ રૂપ તરફ આકર્ષાય છે. અને એનું અંતરંગ શું છે, એનું સ્વરૂપ શું છે અને આપણને એ શી રીતે છેતરે છે એનો વિચાર નહીં કરતા એ વ્યસનનો શિકાર બની બેસે છે. અને એનું સાચું સ્વરૂપ જ્યારે પ્રગટ થાય છે ત્યારે જ એના ખોટા અને કડવા પરિણામોનું આપણને ભાન થાય છે. પણ એવા પ્રસંગે તો આપણે આપણું સ્વત્વ ખોઈ બેઠેલા હોઇએ છીએ. અને હતાશ થઇને 'આ વ્યસન મને વળગ્યું' એમ દીન હીન વાણી બોલીએ છીએ. પોતે એક બંધનમાં સપડાએલો છે એનું એને ભાન થાય છે. પછી તો એ વ્યસન મૂકી દેવા માટે માણસ ધમપછાડા કરવા માંડે છે. પણ એ થાય શી રીતે ? એ વ્યસનનું બંધન તો માણસે પોતાના હાથે જ બાંધેલું હોય છે. વ્યસનનું સ્વરૂપ પહેલાથી પારખી લીધેલું હોત તો આવો પ્રસંગ ઉપસ્થિત થાત જ નહિ. પણ એ રાંધ્યા પછીનું ડહાપણ કહેવાય. હવે હાયવોય કરે શું થાય !

જગતમાં અશક્ય એવી વસ્તુ કોઇ છે જ નહીં. પ્રયત્નથી બધુ સાધ્ય થઈ શકે છે. આત્માની શક્તિ અનંત છે. જે એક વખત પતિત, તુચ્છ, વ્યસનનો કીડો, નાલાયક, મૂર્ખ, વીર્યહીન માણસ ગણાતો હતો તે જ માણસ આ જ ભવમાં એક સંતમહાત્મા, પૂજ્ય, આત્માર્થી, જ્ઞાની, પંડિત બન્યાના દાખલા જગતમાં જોવા મળે છે. એનો એ અર્થ થયો કે, આપણે પણ વસ્તુનું સાચું સ્વરૂપ જોવા શીખીએ તો પરિણામે આપણે પણ વ્યસનમુક્ત બની શકીએ. જેમ વ્યસનનો વળગાડ આપણા હાથે જ થએલો હોય છે, તેમ તેનાથી નિર્મુક્ત થવાનો માર્ગ પણ આપણા હાથમાં જ હોય છે. માત્ર એ માટે હાથ-પગ જોડી બેસી રહીએ તેથી ચાલે નહીં. આપણી પરિસ્થિતિ ફેરવવા માટે, આપણા આત્માની સુપ્ત શક્તિઓ જાગૃત કરી તેનો આવિષ્કાર કરવા માટે આપણે પુરૂપાર્થ ફેરવવો પડશે. રાત દિવસ એ માટે ઝંખના કરી કાંઈક કરી છુટવાની પ્રતિજ્ઞા કરવી પડશે. ગમે તેટલી વખતે આપણને પરાભવ સહન કરવો પડે તો પણ નિરાશ થવું નહીં જોઇએ. यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः । એટલે પ્રયત્ન કરતા રહીએ તો પણ આપણું સાધ્ય સિદ્ધ ન થાય ત્યારે એમાં ક્યાં ખામી છે ? શું દોષ રહી ગયો છે ? તેની તપાસ કરી તે દોષ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. એક વખત પ્રયત્ન કરતાં કાર્યસિદ્ધિ ન થતાં ગભરાઈ જઈ આપણું કાર્ય મૂકી દઇએ તો કાર્યસિદ્ધિ શી રીતે થવાની ?

જગતભરમાં વિજ્ઞાનની નવી નવી શોધો નિત્ય થઈ રહી છે, તેનું કારણ શું ? પ્રથમ પ્રયત્નમાં જ શોધ લાગી જતી નથી. પ્રયત્ન કરનાર માણસ પહેલા બધા સાધક બાધક પ્રમાણોનો પોતાના મનની સાથે વિચાર કરે છે. અમુક રીતે પ્રયત્નો કરવાથી ફલનિષ્પત્તિ થશે એમ કલ્પના કરી કાર્યની શરૂઆત કરે છે. તેમાં વારંવાર નિરાશા જ જણાય છે, છતાં મક્કમપણે એ આગળ વધે જ જાય છે. અને આખરે સિદ્ધિ મળતાં એના આનંદનો પાર રહેતો નથી. પણ એ આનંદ મળતા પહેલા અનેક કડવા ઘુંટડા ગળી જવા પડે છે. એ ધ્યાનમાં રાખવું જોઇએ. પ્રયત્નમાં જ સિદ્ધિ રહેલી છે એ આપણે, ભૂલવું નહીં જોઈએ.

આપણે મોહના પાશમાં સપડાએલા હોઇએ છીએ અને અમુક વસ્તુ વગર મારે શી રીતે ચાલશે, એવી ભ્રમણામાં આપણે ઢીલા થઇ જઇએ છીએ. એ તદન આપણી જ નબળાઈ અને મૂર્ખાઇ હોય છે. માટે જ જ્ઞાની મહાત્માઓએ વારંવાર આગ્રહપૂર્વક કહ્યું છે કે, આત્માને પહેલા ઓળખો, એની અદ્‌ભુત શક્તિ પિછાણો અને પુરૂપાર્થ ફેરવો, એટલે યશ તો તમારો જ છે અને તે તમારી પાછળ દોડતો આવશે. આપણે પુરૂપાર્થ ફેરવતા નથી, માયકાંગલા થઇ માથે હાથ દઈ રડતા બેસીએ છીએ. તેથી જ આપણે આપણી શક્તિઓને જાણી શકતા નથી. એક વખત ભીષ્મ જેવી પ્રતિજ્ઞા કરો. ભગીરથ જેવા પ્રયત્નો આરંભી દો. યશ આપણી પાછળ દોડતો આવવાનો છે. આપણે ભણવા પ્રયત્ન કરીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મોઢે ન ચઢે ત્યારે આપણે કહીએ છીએ કે, મને જ્ઞાનાવરણીય કર્મો આડા આવી રહ્યા છે. એ આવરણો કે પડદાઓ તો આપણે જ નિર્માણ કરેલા હોય છે. અને એ તોડી પાડી રસ્તો મોકળો કરવાનો અધિકાર તો આપણો જ છે. કાલાંતરે એ આવરણો આખરે તો બધાએ જવાના જ છે. ત્યારે આપણે આજે અને અત્યારે જ તે આવરણો તોડી ફોડી દૂર કરવાનો પ્રયત્ન શા માટે ન કરવો ? એ આવરણો તોડવાનો પ્રયત્ન આરંભી દો અને તમને અનુભવ થશે કે આવરણો ધીમે ધીમે પણ નિશ્ચિત દૂર થઈ રહ્યા છે. અને નિશ્ચિત સમજી રાખજો કે, એક દિવસ એવો ઉગશે કે, આવરણો બધા ખસી ગએલા હશે અને જ્ઞાનનો ઝળહળતો સૂર્ય જોવામાં આવશે. બધો અંધકાર ક્યાંય છુપાઈ જશે અને આત્મા અત્યંત ઉંચા આનંદનો અનુભવ મેળવશે. માટે જ દરેક વખતે આપણને રૂપ ભલે નજરે પડે પણ તે જ મુખ્ય છે એમ નહીં સજતતાં તેનું સત્ય સ્વરૂપ શું છે તે પારખી લેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

પીળું જણાતું બધું સોનું હોતું નથી. એ રંગ રૂપ ચળકાટ કૃત્રિમ અને ઠગારો પણ હોવાનો સંભવ છે. માટે તે કૃત્રિમ સોનાને તપાવી ઘસી અને તોડી પારખી લેવું જોઇએ. અર્થાત્ તેનું સાચું સ્વરૂપ પારખી લેવું જોઇએ. અને બધી પરીક્ષાઓમાં એ સોનું જ છે એમ સિદ્ધ થાય તો જ ગ્રહણ કરવું જોઇએ.

રમકડાના બજારમાં આપણે નાના બાળકોને લઈ જઇએ, ત્યારે એ બધા વિવિધ રંગ રૂપના રમકડા જોઈ બાળક એટલો બધો ઉત્સાહિત થઈ જાય છે કે, એ બધા જ રમકડા બાપા આપણા માટે ખરીદી લે તો કેવું સારૂં ! એમ એને લાગે છે. એને જ્યારે પૂછવામાં આવે કે, આમાંથી કયું રમકડું તને ગમે છે ? ત્યારે જુદા જુદા રંગરૂપો જોઇ એ એટલો પ્રભાવિત થઇ જાય છે કે એને રમકડું ચુંટવું મુશ્કેલ બની જાય છે. બોલતી ચકલી લઉં કે માથુ ધુણાવતો હાથી લઉં ? દોડતી ગાડી લઉં કે ઉડતું વિમાન ખરીદું ? કારણ એને એ બધું સાચું જ છે એમ લાગે છે. એનું બાહ્ય રૂપ જ ફક્ત એ જુએ છે. એનું અંતરંગ સ્વરૂપ જોઈ લઈ એની સાચી ઓળખાણ કરી લેવાની આવડત અને બુદ્ધિ એને નહીં હોવાને લીધે એ ફક્ત બહારથી જણાતા રૂપને જ જોઈ મોહી પડે છે. એ રમકડા ખરીદી ઘેર પહોંચે છે અને આનંદમાં આવી પોતાના ભાઈભાંડુઓને એ બતાવી એના ગુણગાન કરે છે. અને પોતાની હોંશીઆરીનું પ્રદર્શન કરવા માંડે છે. પણ એટલામાં તો એમાંનું એકાદ રમકડું ભાંગી જાય છે અને ચકલી બોલતી બંધ થઈ જાય છે ત્યારે એ અત્યંત નિરાશ થઈ જાય છે. અને રડતા બેસે છે. એનો ઉત્સાહ ક્યાં ને ક્યાં જતો રહે છે. એ રમકડાનું સાચુ સ્વરૂપ શું છે એનો સાક્ષાત્કાર એને થાય છે. અને પોતાની ચુંટણી માટે અને આનંદ માટે પણ એને પશ્ચાત્તાપ થાય છે. અને પછી ક્રોધમાં આવી બીજા રમકડા પણ એવાજ ઠગારા છે એમ ગણી તે ફેંકી દેવા માંડે છે.

આપણે વિચાર કરી જોઇએ તો પેલા બાળક કરતાં આપણામાં વધુ જ્ઞાન હોય એમ લાગતું નથી. આપણે પણ સંસારમાં મળતા ભાસમાન સુખના બાહ્ય રંગ ઢંગ અને રૂપ જોઈ પેલા બાળકની પેઠે નાચવા કુદવા માંડીએ છીએ. એ ક્ષણિક ઠગારા આનંદ માટે મરી ફીટીએ છીએ. ઘણી વખત તો એ ભ્રામક આનંદ ખોટો છે. ક્ષણજીવી છે. એવું આપણે સારી રીતે જાણીએ છીએ છતાં મોહવશ થઈ તે રૂપ રંગ તરફ આકર્પાઇએ છીએ. ત્યારે તો આપણે એ બાળક કરતાં પણ વધારે બુદ્ધિહીન બની જઇએ છીએ. બાળક તો અજાણતા એની બાલ-બુદ્ધિને અનુસરી મોહી પડે છે. કારણ વસ્તુનું સાચું સ્વરૂપ એ જાણતો હોતો નથી અજ્ઞાનપણાથી કોઈ ઠગાય એ બનવાજોગ છે અને એ ક્ષંતવ્ય પણ ગણાય. પણ જે જાણવા છતાં ફક્ત રૂપની મોહિ-નીમાં ફસી પડે તેને શું કહેવાય ? એ તો જાણી જોઇ કૂવામાં પડવા જેવું ગણાય.

આપણે જો સંસારમાં રહ્યા છતાં કાંઇક કર્મથી બચવા માગતા હોઇએ તો દરેક વસ્તુના રૂપની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# युगप्रधानाचार्य गुर्वावली में भीमपल्ली के महत्त्वपूर्ण उल्लेख

—ले० अगरचंद नाहटा

भारत के कौने कौने में जैन धर्म के अनुयायी निवास करते हैं । समय समय पर निवास और आजीविका की सुविधा और असुविधा के कारण जिस प्रदेश या ग्राम, नगर में प्राचीन काल में जैनों की बस्ती थी वहां परवर्ती काल में नहीं रही और वे लोग अन्य स्थानों में जाके बस गये । इसलिये बहुत से स्थान ऐसे भी हैं जहां जैनों के आज घर नहीं है या थोड़े हैं पर प्राचीन और मध्यकाल में वहां जैन धर्म का प्रचार रहा है । जैन पुरातत्व मंदिर, मूर्तियों, साहित्य आदि से यह भली भांति प्रमाणित है अतः जैन इतिहास की सम्यक जानकारी के लिए उन ग्राम नगरों का इतिहास भी जान लेना व प्रकाश में लाना आवश्यक होता है । बहुत से स्थान तो जैन धर्म के तीर्थ के रूप में प्रसिद्ध रहें है और है उनके संबधं में सामान्य स्थानों की अपेक्षा अधिक उल्लेख मिलता है । जैन तीर्थो के संबंध में अनेकों ग्रन्थ प्रकाशित हो चुके हैं उनमें मुनि जयन्तविजयजी और उनके शिष्य विशालविजयजी के ग्रन्थों की अपना महत्व है । आबू और उसके आसपास के प्रदेश तथा शंखेश्वर पार्श्वनाथ संबंधी मुनि जयन्तविजयजी के ग्रन्थ बहुत ही उल्लेखनीय हैं । उसी शृंखला में मुनि विशाल-विजयजीने अबतक छोटे बड़े १०-१२ ग्रन्थ प्रकाशित किये हैं जिनमें से श्री भील-ड़िया पार्श्वनाथजी' तीर्थ और 'श्री राधनपुर प्रतिमा लेख संदोह' अभी अभी मुझे प्राप्त हुए हैं । भीलडिया का प्राचीन संस्कृत नाम भीमपल्ली पाया जाता है । उसके संबंध में मुनि कल्याणविजयजी का एक लेख 'जैन युग' में काफी वर्ष पहले प्रकाशित हुआ था और वहां के वीरजिनालय संबंधी अभयतिलक गणि का महावीर रास भी 'जैन युग' में छपा था । मुनि विशालविजयजीने उपरोक्त स्वतन्त्र पुस्तक प्रकाशित करके बिखरी हुई सामग्री को नवीन जानकारी के साथ प्रका-शित करने का सुन्दर प्रयत्न किया है । पर खरतर गच्छ बृहद् गुर्वावली नाम ऐतिहासिक प्रामणिक ग्रन्थ में भीमपल्ली के जो महत्व-पूर्ण उल्लेख हैं वे उनके अवलोकन में नहीं आये । इस लिए उनको प्रस्तुत लेख में प्रका-शित किया जा रहा है जिससे भीलडिया

---

પાછળ સાચુ સ્વરૂપ શું છે, એનું અંતરંગ કેવું છે, પરિણામે એમાં લાભ છે કે હાનિ, એ તપાસી લેવું જોઇએ. અને જેમ કમલ ઘણા ઊંડા પાણીમાં પણ નિર્લેપ રહી શકે છે. અને પાણી ગમે તેટલું ઉંચું વધતુ જાય છતાં એ ઉપર જ રહે છે. અને પાણીમાં નિમજ્જિત થઈ જતું નથી. તેમ આપણે પણ સાંસારિક કાર્યો કરવા છતાં કર્મથી અને દોષથી બચી શકીએ. શર્ત એટલી જ છે કે, ભલે રૂપ જોવાય પણ તેમાં મુગ્ધ થવું નહી મોહિનીમાં ફસાવું નહીં. ગમે છે અને આનંદ આવે છે માટે કરવું નહીં. પણ કર્તવ્ય માથે આવી પડ્યું છે અને વગર છૂટકે કરવું પડે છે માટે કરૂં છું. એવું સ્વરૂપ જાણું છું એવી ભાવના કેળવતા રહીએ તો કર્મના લેપથી અને તેના દુષ્પ્ર પરિણામોથી આપણે કાંઇક બચી શકીએ. શાસનદેવ એવી સુબુદ્ધિ બધા-ઓને આપે એવી ભાવનાથી વિરમીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पार्श्वनाथ तीर्थ पुस्तिका के अगले संस्करण में आवश्यक संशोधन व परिवर्धन किया जा सके। खेद है कि प्राप्त गुर्वावली में संवत १३९३ तक का ही वर्णन है इस लिए उसके बाद के भीमपल्ली के उल्लेख उसमें नहीं मिलते पर उससे यह तो भली भांति सिद्ध होता है कि मुनि सुन्दरसूरि रचित गुर्वावली के सोमप्रभसूरि संबंधी उल्लेख के आधार से जो यह निर्णय किया गया है कि संवत १३५३ में भीमपल्ली का विनाश हो गया। अल्लाउद्दीन की सेनाने आग लगादी होगी और दर्शनविजयजीने जैन परम्परानो इतिहास भाग २ पृष्ठ २३९ में संवत् १३३४ में सोमप्रभसूरिने भीमपल्ली का विनाश आकाश दर्शन से जानकर पहली कांति के पूर्ण होते ही विहार कर दिया और वहां के जैन राधनपुर में आकर बस गये ये दोनो मन्तव्य सही नहीं है जैसा कि खरतरगच्छ गुर्वावली के नीचे दिये जाने वाले उल्लेखों से प्रमाणित होगा।

१ संवत् १२५१ में अजमेर में २ महिने तक मलेच्छों का बड़ा उपद्रव रहा अतः जिनपतिसूरीजीने पाटण पधार कर भीमपल्ली में आकर चातुर्मास किया।

२. संवत् १३११ के वैशाख सुदी ६ पालनपुर के श्री चन्द्रप्रभस्वामी के विधि चैत्य में भीमपल्ली प्रसाद में स्थित महावीर भगवान की प्रतिमा की प्रतिष्ठा श्रावक भुवनपाल ने बड़े महोत्सव और द्रव्य व्यय से प्रतिष्ठा करवाई।

३. संवत् १३१३ अषाढ सुदी १० को भीमपल्ली में महावीर प्रतिमा स्थापीत की गई।

४ संवत् १३१७ में भीमपल्ली के राजा मंडलिक और दंडाधिपति शीलण के सानिध्य में साह खिमड़ सा. जगद्धर के पुत्र सा. भुवनपालने स्थानीय व पालणपुर आदि के संघ के साथ बड़े महोत्सव से वैशाख सुदी १० सोमवार को मन्दिर तिलक नामक वीर जिनालय के शिखर पर स्वर्ण दंड, स्वर्ण कलश की प्रतिष्ठा करवा कर आरोपित किये। इस समय और भी बहुत सी प्रतिमाओं की प्रतिष्ठा हुई।

५. संवत् १३३४ के वैशाख वदी ५ को भीमपल्ली में श्री नेमिनाथ, पार्श्वनाथ प्रतिमा, जिनदत्तसूरि मूर्ति, श्री शांतिनाथ देवग्रह की ध्वजा दंड साह राजदेव ने और गौतमस्वामी की मूर्ति साह वैजल ने महोत्सव पूर्वक प्रतिष्ठा करवाई। वैशाख वदी ९ को मंगलकलश नामक साधु की दीक्षा हुई।

६. संवत् १३४६ के वैशाख वदी १४ को भीमपल्ली में श्री चंद्रसूरिजी का प्रवेश महोत्सव हुआ। वैशाख सुदी ७ को बहुत सी मूर्तियों की प्रतिष्ठा और जेठ वदी ७ को बहुत से साधु-साध्वीयों की दीक्षा हुई।

८. संवत् १३५२ में भीमपल्ली से साह धनपाल के पुत्र भड़सिह और सामल ने संखेश्वर पार्श्वनाथ और पाटण का संघ निकाला। जिनचन्द्रसूरिजी भीमपल्ली पधारे।

७. संवत् १३६४ में भीमपल्ली का मार्ग चोर चरट के उपद्रव से व्याप्त होने पर भी भणशाली दुर्लभ के सहाय से जिनचंद्रसूरिजी भीमपल्ली पधारे।

९. संवत् १३६६ में शाह जैसल ने स्तम्भ तीर्थ से शत्रुंजय का संघ निकाला उसमें भीमपल्ली का संघ भी सम्मिलित हुआ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१०. संवत् १३६७ में भीमपल्ली संघ की अभ्यर्थना से महावीर प्रभु को नमस्कार किया वहां फागुन सुदी १ को ३ क्षुल्लक और २ क्षुल्लिकाओं को जिनचंद्रसूरिजी ने दीक्षा दी।

११ संवत् १३६८ में सा० धनपाल के पुत्र राजमान्य सुश्रावक सामल ने तीर्थयात्रा आरंभ की। चैत सुदी १३ को चतुर्विध संघ सहित जिनचंद्रसूरिजी ने भीमपल्ली से प्रस्थान किया। और शत्रुंजय और गिरनार की यात्रा करके भीमपल्ली लौटे। वहां २ क्षुल्लकों और २ क्षुल्लिकाओं को बडे महोत्सव से आचार्यश्री ने दीक्षा दी।

१२. संवत् १३७१ में आचार्यश्री फिर भीमपल्ली पधारे और फागुन सुदी ११ को सुश्रावक सामल आदि भीमपल्ली संघ ने अमारि उद्घोषणापूर्वक व्रत ग्रहण मालारोपण का महोत्सव किया। उसमें १ साधु व ३ साध्वियों की दीक्षा भी हुई।

१३. जिनचंद्रसूरिजी के स्वर्गवास के बाद संवत १३७७ में चातुर्मास करके जयवल्लभगणि पुज्यश्री के दिये हुए शिक्षापत्र को लेकर भीमपल्ली में राजेन्द्रचंद्राचार्य के पास पधारे। पाटण में जिनकुशलसूरिजी का पट्टाभिषेक हुआ उसमें भीमपल्ली के श्रावक सामल के पुत्र वीरदेव ने साधर्मिवात्सल्य किया। और कुशलसूरिजी का अनुरोधपूर्वक प्रथम चौमासा भीमपल्ली में करवाया। वहां संवत १३७८ के माघ सुदी ३ को श्रावक वीरदेव आदि भीमपल्ली के संघ ने दीक्षा मालारोपण आदि का बडा महोत्सव किया जिसका वर्णन गुर्वावली में है। वहां रहते हुए जिनकुशलसूरिजी ने उपाध्याय विवेकसमुद्र का आयुशेष निकट जानकर भीमपल्ली से वे पाटण आये और जेठ बदी ४ को शरीर स्वस्थ होते हुए भी उन्हें अनशन करवाया।

१४. संवत १३७९ में पाटण में बड़ी धर्म प्रभावना हुई उस महोत्सव में भीमपल्ली के श्रावक वीरदेव भी सम्मिलित हुए थे।

१५. संवत १३८० में जिनकुशलसूरिजी के नेतृत्व में शत्रुंजय का बड़ा संघ निकला था वह भीमपल्ली में आया और महावीर प्रभु की यात्रा की।

१६. संवत १३८१ पाटण में बड़ा प्रतिष्ठा महोत्सव हुआ था उसमें भी भीमपल्ली के संघ मुख्य श्रावक वीरदेव सम्मिलित हुए थे। इसी संवत में भीमपल्ली के श्रावक वीरदेव ने ग्यासद्दीन सुरताण से फरमान प्राप्त कर सब देशों में कुंकुम पत्रिका भेजकर संघ निकाला था जिसके लिए जिनकुशलसूरिजी भीमपल्ली पधारे थे। संघ ने वहां से प्रस्थान किया और यात्रा करके वापिस भीमपल्ली में सावण सुदी ११ को आकर महावीर प्रभु को नमस्कार किया इसका विस्तृत वर्णन गुर्वावली में है।

१७. संवत १३८२ वैशाख सुदी ५ को भीमपल्ली में श्रावक वीरदेव दीक्षा, मालारोपण आदि का महोत्सव किया। जिनकुशलसूरिजी ने ४ साधु और २ साध्वियों की दीक्षा दी बहुत श्रावक-श्राविकाओंने माला और व्रत धारण किये।

१८ संवत १३९३ जिनपद्मसूरिजी का प्रवेश महोत्सव श्रावक वीरदेव और भीमपल्ली के संघ ने बहुत ही ठाठ बाठ से किया।

उपरोक्त उल्लेखों से सिद्ध है कि संवत १३९३ तक तो भीमपल्ली का विनाश नहीं

For Private And Personal Use Only

# જૈન સાહિત્યમાં ભગવદ્ ગીતા

લે. : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્યની ઈયત્તા અને ગુણવત્તાની વિશાળતા અને વિવિધતા વિદ્વાનોને સુવિદિત છે. એ સાહિત્યના સર્જકો પૈકી કેટલાક તો જન્મે બ્રાહ્મણ અને તે પણ વેદો, ઉપનિષદો વગેરે જે વૈદિક હિન્દુઓના મહત્ત્વના અને માનનીય ગ્રંથો છે તેથી પણ સુપરિચિત હોઈ જૈન દીક્ષાને વરેલા છે. આને લઈને તેમ જ જૈન દર્શનની સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુતની ઉદાર વ્યાખ્યાને લઈને જૈન સાહિત્યમાં અજૈન વિગતોની નોંધો જણાય એ સ્વાભાવિક છે. તેમાં પણ **ભગવદ્ ગીતા**એ વિવિધ સંસ્કૃત વૃત્તિઓથી જ નહિ પરંતુ ભારતીય તેમ જ અભારતીય એવી કેટલીયે આધુનિક ભાષાઓમાં લખાયેલા અભ્યાસપૂર્ણ અનુવાદાદિથી અલંકૃત કૃતિ છે એટલે એને વિષે એક યા બીજા સ્વરૂપે જૈન સાહિત્યમાં ઉલ્લેખો જોવાય તેમાં કશી નવાઈ નથી.

આવાં કેટલાંક સ્વરૂપો તરીકે નિમ્નલિખિત ગણાવી શકાય.

(૧) **ભગવદ્ ગીતા**નો એ જ નામે કે એના અન્યાન્ય સંસ્કૃત તેમ જ પાઇય અભિધાનથી નિર્દેશ.

(૨) **ભગવદ્ ગીતા**માંથી અવતરણો.

(૩) **ભગવદ્ ગીતા**માં ચર્ચાયેલા મુદ્દાનું સૂચન

(૪) **ભગવદ્ ગીતા**માંના વિષયોનું જૈન દર્શન સાથે સંતુલન.

(૫) **ભગવદ્ ગીતા** ગત વિશિષ્ટ વક્તવ્યોનો જૈન દૃષ્ટિએ સમન્વય.

વાચક **સંઘદાસે** આરંભેલા અને ધર્મસેન ગણિએ પૂર્ણ કરેલા *વસુદેવચરિત(ય) યાને વસુદેવહિણ્ડીમાં કેટલાક જૈન તેમ જ અજૈન ગ્રંથોનો ઉલ્લેખ છે. એમાં **ભગવય ગીતા**નો જે ઉલ્લેખ છે એથી સુપ્રસિદ્ધ અજૈન કૃતિ નામે **ભગવદ્ ગીતા** અભિપ્રેત હોવાનું જણાય છે.

**આવસ્સય** અને એની નિજ્જુત્તિના સ્પષ્ટીકરણરૂપે એક ચુણ્ણિ (ચૂર્ણિ) રચાયેલી મળે છે એ ચુણ્ણિના કર્તા જિનદાસ ગણિ હોવાનું કેટલાક માને છે. એ ગણિએ **નંદીસુત્ત** ઉપર **શક** સંવત્ ૫૯૮ માં ચુણ્ણિ રચી છે એમ એની કેટલીક હાથપોથીઓ જોતાં જણાય છે, જ્યારે એની મુદ્રિત આવૃત્તિમાં તો શક સંવત્ ૫૦૦ નો ઉલ્લેખ છે. અને

* આ મહાકાય ગ્રંથ **વિક્રમની** પાંચમી-છઠ્ઠી સદીની રચના છે. એનો પરિચય મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામના મારા પુસ્તક( પૃ. ૮૯-૯૬ )માં આપ્યો છે. પૃ. ૯૦ માં 'સંથાચાર ભાસ' એમ છપાયું છે તે 'ચૈત્યવન્દણ ભાસ' જોઈએ.

हुआ था वहां के श्रावक बहुत धर्म प्रेमी और राजमान्य थे। खरतरगच्छ के आचार्यों का भी वहां, बढ़ा प्रभाव था। प्रतिष्ठा, दीक्षा, व्रत ग्रहण आदि के बड़े बडे महोत्सव होते रहे हैं जिसमें अन्य स्थानों के लोग भी बड़े उत्साह से सम्मिलित होते थे और यहां के लोग पाटण आदि में जब जब भी धार्मिक उत्सव होते तो उसमें सम्मिलित होते थे। यहां के श्रावकों ने तीर्थयात्रा के वड़े बड़े संघ निकाले और अन्य स्थानों से नीकलने वाले संघों में भाग लिया, वहां जाकर साधर्मिवात्सल्य किये। गुर्वावली में उनका विस्तृत वर्णन है और वहां के श्रावकों को भी अनेक विशेषण दिये हैं। लेख विस्तन भय से मैंने बहुत ही संक्षेप में यहां उनका सारांश उपस्थित किया है खोजनें पर और भी महत्व के उल्लेख मिलेंगे जिससे भीमपल्ली के इतिहास पर नया प्रकाश पडेगा। मुनि विशालविजयजी अपने अन्य ग्रंथों में भी उपरोक्त गुर्वावली का उपयोग जरूर करें।

તો **આવસ્સયની** ઉપર્યુક્ત ચુણ્ણિના કર્તા જિનદાસ ગણિ હોવા વિષે શંકા છે; બાકી એ ચુણ્ણિના કર્તા સમભાવભાવી **હરિભદ્રસૂરિના** પુરોગામી છે એમ તો મારું માનવું છે જ. આ ચુણ્ણિના પૂર્વ ભાગ (પત્ર ૩૩૬)માં 'अन्ये त्वाहु:' એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ અપાયું છે :–

"वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराण्यपरापराणि जहाति
गृह्णाति च पार्थ ! जीवः ॥"

**ભગવદ્ ગીતાના** બીજા અધ્યાયના બાવીસમા પદ્યનો પૂર્વાર્ધ તો ઉપર પ્રમાણે જ છે, પરંતુ એનો ઉત્તરાર્ધ નીચે મુજબ મુદ્રિત પુસ્તકોમાં જોવાય છે :–

"तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि
संयाति नवानि देही"

આશયની દૃષ્ટિએ તો ઉત્તરાર્ધ ચુણ્ણિગત અવતરણ સાથે મળે છે. પ્રસ્તુત ચુણ્ણિના કર્તા શંકરાચાર્યના સમય કરતાં પ્રાચીન છે એટલે એમણે આપેલું અવતરણ પાઠભેદની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું ગણાય.

ઉપર્યુક્ત ચુણ્ણિગત અવતરણ **વિસેસાવસ્સયભાસ**માંના ગણધરવાદમાં અવતરણ તરીકે હોવાનો ઉલ્લેખ ×સંતબાલે "શ્રી આચારાંગ સૂત્રનું ગૂજરાતી અનુવાદન" નામના પુસ્તકના પરિશિષ્ટ (પૃ. ૧૫)માં ટિપ્પણરૂપે કર્યો છે તે વિચારણીય જણાય છે. આ જ પરિશિષ્ટ (પૃ. ૧૦–૫૭)માં **આયારનો ભગવદ્ ગીતા** સાથે સૈદ્ધાન્તિક, સાધનાત્મક અને સમાનાર્થસૂચક એમ ત્રિવિધ સમન્વય નિરૂપાયો છે. વળી પ્રારંભમાં ડૉ. ટી. એન. દવેના નિદર્શનમાં આ વિષય અંશતઃ ચર્ચાયો છે.

**ભગવદ્ ગીતાના** ઉપર [1]શંકરાચાર્યે સંસ્કૃતમાં ટીકા રચી છે. એ **શંકરાચાર્ય** કરતાં સમભાવભાવી હરિભદ્રસૂરિ પહેલાં થયા છે. એ સૂરિએ **લોકતત્ત્વનિર્ણય** નામની કૃતિ રચી છે એમાંનાં નિમ્નલિખિત પદ્યો **ભગવદ્ગીતા** સાથે લગભગ મળતાં આવે છે:–[2]

| લોકતત્ત્વનિર્ણય | | ભગવદ્ગીતા |
|---|---|---|
| सर्वतः पाणि० | १, ५२ | અ. ૧૩, શ્લો. ૧૩ |
| मार्ध्वं० | १, ५३ | અ. ૧૫, શ્લો. ૧ |
| द्वाविम० | २, २=१, ४० | અ. ૧૫, શ્લો. ૧૬ |
| नकर्तृ० | २, ६ | અ. ૫, શ્લો. ૧૪ |
| नैनं | २, ८ | અ. ૨, શ્લો. ૨૩ |
| अच्छेद्यो० | २, ९ | અ. ૨, શ્લો. ૨૪ |
| मुद्धरेद्० | २, १३ | અ. ૬, શ્લો. ૫ |

**શીલાંકસૂરિએ** જૈનોના બે મહત્ત્વપૂર્ણ આગમોના અને સાથે સાથે એ પ્રત્યેકની નિજ્જુત્તિના વિવરણરૂપે સંસ્કૃતમાં એકેક ટીકા રચી છે. આ આગમોનાં નામ અનુક્રમે **આયાર** અને **સૂયગડ** છે. **આયારની** ટીકાના રચના વર્ષ તરીકે ચાર ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે: (૧) શક સંવત્ ૭૭૨, (૨) શક સંવત્ ૭૮૪, (૩) શક સંવત્ ૭૯૮ અને (૪) ગુપ્ત સંવત્ ૭૭૨. આ પૈકી શક સંવત્ ૭૯૮ સમુચિત જણાય છે. આ **શીલાંકસૂરિએ** કે એમના નામધારી અન્ય આચાર્યે વિ. સં. ૯૨૫ માં કે એ અરસામાં **ચઉપન્નમહાપુરિસચરિય** રચ્યું છે એનો અંતિમ નિર્ણય થયો નથી. ગમે તેમ પણ **આયારની** ટીકા રચનારા શીલાંકસૂરિએ જ **સૂયગડ** અને એની નિજ્જુત્તિના સ્પષ્ટી-

× એમણે **નાનચંદ્રજીના** શિષ્ય સૌભાગ્યચંદ્રના નામથી પ્રસ્તુત અનુવાદન કરેલ છે.

૧. એમનો સમય ઇ. સ. ૭૮૮–૮૨૦નો મનાય છે. એમણે **ભગવદ્ગીતા** (અ. ૩, શ્લો. ૧) ઉપરના પોતાના ભાષ્યમાં કોઈ ટીકાકારનો અભિપ્રાય દર્શાવી તેનું નિરસન કર્યું છે. એ ટીકા હજી સુધી તો મળી આવી નથી.

૨. આ બાબતની વિશેષ વિચારણા માટે જુઓ પી. કે. ગોડેનો લેખ નામે "The Bhagavadgita in the Pre-Samkaracarya Jaina Sources". આ લેખ ભાં. પ્રા. સં. મં.ના સામયિકમાં–ABORIમાં Vol. XX, pp. 188–194માં છપાયેલ છે.

કરણરૂપ ટીકા (પત્ર ૨૫ અ)માં મૂળના ઉલ્લેખ વિના ત્રણ અવતરણો સુય. ૧, અ. ૧, ગા ૧૬ નું વિવરણ કરતી વેળા આપ્યાં છે એ પૈકી 'नैनं छिन्दन्ति'થી શરૂ થતું પદ્ય ભ૦ ગી૦ (અ. ૨, શ્લો. ૨૩) સાથે સર્વાંશે મળતું આવે છે. બીજું અવતરણ નીચે મુજબ છે :–

"अच्छेद्योऽयमभेद्योऽयमविकार्योऽयमुच्यते ।
नित्यः सततगः स्थाणुरचलोऽयं सनातनः ॥"

ભ૦ ગી૦ (અ. ૨)નો ૨૪ મો શ્લોક પણ આ જ બાબત રજૂ કરે છે. એનો ઉત્તરાર્ધ, 'सततग.'ને બદલે 'सर्वगतः' પાઠાંતર મળે છે, તે જોતાં ઉપર્યુક્ત અવતરણના ઉત્તરાર્ધ સાથે સામ્ય ધરાવે છે; બાકી નિમ્નલિખિત પૂર્વાર્ધ 'मभेद्यो'ને બદલે 'मदाह्य' પાઠાંતર વિચારતાં પણ અમુક અંશે ભિન્ન છે :–

"अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च"

ત્રીજું અવતરણ નીચે મુજબ પત્ર ૨૩૧ અમાં પણ જોવાય છે :–

"ना सतो जायते भावो ना भावो जायते सतः"

'जायते'ને બદલે 'विद्यते' પાઠવાળો પૂર્વાર્ધ ભ૦ ગ૦ (અ. ૨, શ્લો. ૧૬)માં નજરે પડે છે.

**વિસેસા૦**ના ઉપર 'મલધારી' હેમચન્દ્રસૂરિએ ૨૮૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે, એ વૃત્તિ વિ. સં. ૧૧૭૫ માં પૂર્ણ કરાઈ છે. **વિસેસા૦**ની ગા. ૧૫૮૦ ઉપરની આ વૃત્તિમાં વેદાંતીઓ કહે છે' એવા નિર્દેશપૂર્વક 'ऊर्ध्वमूल'થી શરૂ થતું એક પદ્ય અવતરણરૂપે અપાયું છે. એ જ પદ્ય **ભગવદ્ ગીતા**ના પંદરમા અધ્યાયના આદ્ય પદ્યરૂપે તેમ જ **યોગશિખોપનિષદ્** (૬, ૧૪)માં જોવાય છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ [1]**કાવ્યાનુશાસન** રચી એ તે **અલંકારચૂડામણિ** નામની વૃત્તિથી વિભૂષિત કરવા ઉપરાંત એ મૂળ તેમ જ વૃત્તિના દુર્બોધ સ્થળો ઉપર પ્રકાશ પાડવા **વિવેક**ની રચના કરી છે. આ **કાવ્યાનુશાસન**ના **અલંકારચૂડામણિ** તેમ જ **વિવેક** સહિતના સંપાદકે **એ. યૂ.** (પૃ. ૬૯)ગત 'या निशा'થી શરૂ થતું પદ્ય "ભીષ્મપર્વ, ગીતા અ. ૨, શ્લો. ૬૯"નું હોવાનું સૂચવ્યું છે. એવી રીતે **વિવેક**નાં પૃ. ૧૦, ૨૭૦ અને ૩૧૭ ઉપરનાં પદ્યો માટે **ભગવદ્ગીતા**નો મૂળ તરીકે નિર્દેશ કર્યો છે. જેમકે,

'नासतो'થી શરૂ થતું પદ્ય તે **ભ. ગી.** (અ. ૨, શ્લો. ૧૬) છે.–પૃ. ૧૦

'चतुर्विधा'થી માંડીને 'एकभक्तिर्विशिष्यते' સુધીનાં હોઈ પદ્યો તે **ભ. ગી.** (અ. ૭, શ્લોક. ૧૬–૧૭) છે–પૃ. ૨૭૦

'यदादित्यगतं'વાળું પદ્ય તે **ભ. ગી.**(અ. ૧૫, શ્લો. ૧૨) છે –પૃ ૩૧૭

આમ આ અવતરણોનું મૂળ સંપાદકે **ભ. ગી.** હોવાનું કહ્યું છે ખરું, પરંતુ 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ તો મૂળનો કશો ઉલ્લેખ કર્યો નથી.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ જૈન હોઈ જૈનોના એક મહત્ત્વના અન્ય ફિરકા નામે દિગંબરના સાહિત્યનો પોતાની કૃતિઓમાં ઉપયોગ કર્યો છે એટલું જ નહિ પરંતુ એ ઉદાર ઉપાધ્યાયે ઉપનિષદો અને **ભગવદ્ગીતા**નો પણ યથેષ્ટ અભ્યાસ કરી એ દ્વારા પણ પોતાની કૃતિઓને સમૃદ્ધ બનાવી છે. આ ઉપાધ્યાયજીએ **અધ્યાત્મસાર**માં **ભગવદ્ગીતા**નાં વિવિધ પદ્યો 'કહ્યું છે કે' જેવા સૂચનપૂર્વક રજૂ કર્યાં છે. પરંતુ '**ભ. ગી.**' નામ દર્શાવ્યું નથી. આ હકીકત હું નીચે મુજબ દર્શાવું છું:—

| પ્રતીક | અધ્યાત્મસાર | | ભગવદ્ગીતા |
|---|---|---|---|
| यस्त्वात्म | યોગાધિકાર શ્લો. | ૮ | અ. ૩, શ્લો. ૧૭ |
| नैव तस्य | ,, ,, | ૯ | અ. ૩, ,, ૧૮ |
| शनैः शनै | ,, ,, | ૧૫ | અ. ૬, ,, ૨૫ |
| यतो यतो | ,, ,, | ૧૬ | અ ૬, ,, ૨૬ |
| आरुरुक्षो | ,, ,, | ૨૨ | અ. ૬, ,, ૩ |
| यदा हि | ,, ,, | ૨૩ | અ. ૬, ,, ૪ |
| कर्मण्यकर्म | ,, ,, | ૩૩ | અ. ૪, ,, ૧૮ |
| विद्याविनय | ,, ,, | ૪૩ | અ. ૫, ,, ૧૮ |

૧. આ કૃતિ મોડામાં મોડી વિ. સં. ૧૧૯૮ માં રચાયેલી છે.

| | | | | |
|---|---|---|---|---|
| इहैव तैर्जितः | યોગાધિકાર | શ્લો. ૪૪ | અ. ૫, | શ્લો. ૧૯ |
| न प्रहृष्येत् | ,, | ,, ૪૫ | અ. ૫, | ,, ૨૦ |
| योगिनामपि | ,, | ,, ૬૧ | અ. ૬, | ,, ૪૭ |
| जिज्ञासुरपि | ,, | ,, ૭૬ | અ. ૬, | ,, ૪૪ ઉત્તરાર્ધ |
| आर्तो | ,, | ,, ૭૭ ([1]પૂર્વાર્ધ) | અ. ૭, | ,, ૧૬ ([2]ઉત્તરાર્ધ) |
| चञ्चलं | ધ્યાનાધિકાર | ,, ૨૨ | અ. ૬, | ,, ૩૪ |
| असंशयं | ,, | ,, ૨૩ | અ. ૬, | ,, ૩૫ |
| असंयता | ,, | ,, ૨૪ | અ. ૬ | ,, ૩૬ |
| प्रजहाति | ,, | ,, ૬૪ | અ. ૨, | ,, ૫૫ |
| दुःखेष्वनु | ,, | ,, ૬૫ | અ. ૨, | ,, ૫૬ |
| यः सर्वत्रा | ,, | ,, ૬૬ | અ. ૨, | ,, ૫૭ |
| यदा संहरते | ,, | ,, ૬૭ | અ. ૨, | ,, ૫૮ |

૧ "आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी चेति चतुर्विधाः"
૨ "आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ !"

આ ઉપરાંત યોગાધિકારના શ્લો. ૪૭નો ઉત્તરાર્ધ (छिद्यते०) ભ૦ ગી૦ (અ. ૨, શ્લો. ૨૩–૨૪)નું છે અને ધ્યાનસ્તુત્યધિકાર (શ્લો. ૩) ભ૦ ગી૦ (અ. ૨, શ્લો. ૬૯)નું સ્મરણ કરાવે છે.

વિ. સં. ૧૭૪૫ પછી પણ કોઈ કોઈ જૈન કૃતિમાં **ભગવદ્ ગીતા**માંથી અવતરણ અપાયાં છે, પરંતુ એ તમામ કૃતિઓ સામે નહિ હોવાથી આ બાબત મારે જતી કરવી પડે છે. વિશેષમાં **તત્ત્વાર્થાધિગમસૂત્ર** અને એના ભાષ્ય ઉપર સિદ્ધસેન ગણિએ જે વિસ્તૃત અને અભ્યસનીય ટીકા રચી છે તેમાં તેમજ **યોગશાસ્ત્ર**ની સ્વોપજ્ઞ [1]વૃત્તિમાં પણ કોઇ સ્થળે એમણે ભ૦ ગી૦માંથી અવતરણ આપ્યાનું મને સ્ફુરે છે, પરંતુ એની તપાસ અત્યારે થઇ શકે તેમ નથી. આથી મારી સહૃદય સાક્ષરોને સાદર વિજ્ઞપ્તિ છે કે આ લેખને પરિપૂર્ણ બનાવવા માટેની મહામૂલ્ય સામગ્રી રજૂ કરવા તેઓ કૃપા કરે.

૧ આ વૃત્તિ એમાં આવતાં વિવિધ અવતરણોનાં મૂળના નિર્દેશપૂર્વક મૂળ સહિત સત્વર પ્રકાશિત થવી ઘટે.


# બાર વ્રતની પૂજા અર્થ–સહિત

## [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખોઃ—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आत्मा का स्वभाव

लेखक-राजमल भण्डारी-आगर

समस्त जीवों का स्वभाव वैसे भीन्न भीन्न अनुभव में आता है वस्तुतः यह स्वभाव विभाव दशाका ही प्रतिक है । आत्मा के राग द्वेष और अज्ञान ही विभाव हैं । और इस से पृथक वीतरागता एवं विज्ञानता ही आत्मा का स्वभाव है ।

संसार के समस्त जीवों का एक मात्र लक्ष्य सुख की प्राप्ति का है । परंतु यह बात भी निर्विवाद सिद्ध है कि सुख का मूल कारण स्वाधिनता है और वह स्वाधिनता केवल अपने स्वरूप के अवलम्बन से ही प्राप्त हो सकती है । जीतने जीतने अंशो में पर पदार्थ का लेश मात्र भी रहेगा वहां पर स्वाधिनता होना असम्भव है ।

अनुभव से यह प्रत्यक्ष देखा जाता है कि यह आत्मा सदैव सुख का लक्ष्य रखते हुवे भी अपने स्वरूप लम्बन से रहित होकर राग, द्वेष, अज्ञानादिक के वश से पर पदार्थो के संयोग से सुख की प्राप्ति करना चाहता है । परन्तु पर पदार्थो से पूर्णतः स्वाधिनता प्राप्त न होने से दुःखी ही रहता है ।

अतः सिद्ध हुआ कि राग, द्वेष, अज्ञान ही विभाव हैं । और यही आत्मा को दुःख के मूल कारण हैं ।

पर पदार्थों की प्राप्ति से आत्मा को सुखाभास होता है । किन्तु यह सुख अस्थाई व पुनः दुःख का ही कारण है । जहां तक आत्मा परपरणीती से पृथक न होकर अपने स्वरूप का यथार्थ ज्ञान न कर ले वहां तक विभाव दशा की परम्परा का अभाव नहीं होगा ।

महर्षियों का कथन है कि 'वत्थु सुहावो धम्मो', जीस वस्तुका जो स्वभाव है वही उसका धर्म है । अतः आत्मा का स्वभाव भी ज्ञान, दर्शन, चारित्रमय है । आत्मवत् सर्व भूतेषु, अपनी आत्मा के समान ही विश्व की समस्त आत्मा को समझ कर प्रयत्नशील हो, सम्यक्‌दर्शन से सम्यक्‌दृष्टि प्राप्त कर जीवन की प्रवृत्ति सदा ऐसी हो जो स्वकल्याण एवं पर की कल्याणकारी हो ।

आत्मा अजर, अमर, निराकार, निर्मल, सच्चिदानंद, चेतन तत्त्व है । कर्मों से आवृत होने के कारण इस संसार चक्र में भटकता है ? इसमें अनंत ज्ञान, दर्शन, वीर्य और सुख निहित है, इसकी शक्ति अजेय और अपार है । यही अपने सुख दुःख का कर्ता विकर्ता और अकेला है । अपने बंधन और मोक्षका कारण यह स्वयं ही है । इसी का सहारा ही सच्चा सहारा है । सब स्थितियों में आत्मा के मूल गुण और स्वभाव को कभी न भूल कर हर दशा में उन्हीं को एक मात्र सत्य समझकर वैसी ही आत्मानुभूति करनी चाहिये ।

मैं आत्मा हूं । विश्व की समस्त आत्मा भी मेरे समान ही है । जो सुख मुझे प्रिय है वह उन्हें भी प्रिय है, जो मुझे अप्रिय है वह भी उन्हें अप्रिय है अतः यह आत्मस्वभाव ही मेरा परम धर्म है । मे सब जीवों को सुख शांति देने में उनका हित करने में तत्पर रहूंगा, मैं सबको अपने समान ही समझता हूं । शत्रु, मित्र, सब पर प्रेम भाव रखता हूं । मै सर्वत्र प्रेममय हूं । इस लिये किसी को मुझ से कोई भय नहीं है और न मुझे भी किसी का भय है । मैं कीसी से द्वेष, ईर्षा और आक्रोश नहीं करता । मै अहिंसा से परिपूर्ण हूं । यही मेरा स्वभाव है ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सहयोग

卐

समाज के सन्मान्य सज्जन, समाज पर कुछ ध्यान दो ।
सब जन समाज के ही अंग है, निश्चय से इस को मानले ॥ १ ॥

इंजिन की सब ही मशनरी, वह कार्य अपना कर रही ।
गर कुछ भी उस में न्युन हो तो, उसकी गति तो रुक रही ॥ २ ॥

देह के भी अंग सब ही, कार्य नियमित कर रहे ।
गर शिथील कुछ अंग हो तो, अस्वस्थ उसको कर रहे ॥ ३ ॥

राष्ट्र संचालन में भी, सब जनयोग अपना दे रहे ।
जहां दोष उत्पन्न हो गया तो, कठिनाई आकर के रहे ॥ ४ ॥

पुज्य श्रमण और साध्वी, श्रावक तथा वह श्राविका ।
शाशन के सब ही अंग है, इस में न शंशय है कहा ॥ ५ ॥

अब करतव्य सब का हैय ही, सब को सब सहयोग दे ।
सब ही परस्पर एक है, असहयोग को फिर त्याग दे ॥ ६ ॥

जैनत्व द्रष्टि से सभी को, जैन ही तो मान ले ।
महावीर की संतान है, इस द्रष्टि से अपनाय ले ॥ ७ ॥

मैत्री भावों से सभी को, मित्रवत ही जान ले ।
प्रमोद, करूणा, माध्यस्थ से, मध्यस्थवृत्ति धार ले ॥ ८ ॥

शाशन रसिक सबको बनाना, ये ही ध्येय बनाय ले ।
विश्व यह विशाल है तो, हृदय भी विशाल बनाय ले ॥ ९ ॥

विस्तरित अहिंसा वृक्ष जग में, जीसकी शीतल छांह से ।
शांति सब को प्रदान करना, सहयोग के आराध्य से ॥ १० ॥

शाशन से हो गये थे पृथक, उन को भी अब अपनाय ले ।
सरल सत्य सहृदयता से, 'राज़' फिर सहयोग दे ॥ ११ ॥

—राजमल भण्डारी-आगर (मालवा)

For Private And Personal Use Only

Reg. No. B. 156


અપૂર્વ પ્રકાશન — અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા–સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા–ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૬૨, પાકું હોલકલોથ બાઈંડીંગ, સુંદર છાપકામ

**મૂલ્ય માત્ર રૂપિયા નવ**

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઇ શકે નહિ.

જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન–રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઇ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઇ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઈએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

# જૈન રામાયણ

પ્રસિદ્ધ થઇ ગયું છે

**[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]**

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર



પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર